# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
# ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

<u>અખબારી યાદી</u> તા. ૭–૨–૨૦૧૦

- **મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ મોંઘવારીમાં મહારાષ્ટ્રની જનતાને મદદરુપ થવા વેટના દરમાં વધુ ઘટાડાની જાહેરાત કરી.**
- **ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની જનતા પરથી ૨૫% ટકાનો વધારાનો સરચાર્જ દૂર કરવો જોઈએ અને મહારાષ્ટ્રની જેમ વેટના દરમાં ઘટાડો કરવો જોઈએ.**
- **ગુજરાત સરકારે પોતાનો ટેક્ષ(વેટ) પેટ્રોલ પરથી દૂર કરે તો પેટ્રોલના એક લીટરે ૧૨ રુપિયા સસ્તુ થઈ શકે.**
- **ગુજરાત સરકાર પોતાનો વેટ(ટેક્ષ)દૂર કરે તો ડિઝલના એક લીટરે ૧૦ રુપિયા સસ્તુ થઈ શકે.**
- **મુંબઈના અતિ શ્રીમંતો રહેતા વિસ્તારો કરતાં ગુજરાતના ગરીબ વિસ્તારોમાં જીવન જરુરિયાતની તમામ ચીજો અનેકગણી મોંઘી છે.**
- **મહારાષ્ટ્રમાં મરચુ–ધાણાજીરુ, જેવી સામાન્ય માણસની રોજીદી વપરાતી ચીજો પર એકપણ પૈસાનો વેટ(ટેક્ષ)નથી. જયારે ગુજરાતમાં ૨૫% ટકા વધારાનો સરચાર્જ અને ૪% વેટ(ટેક્ષ) છે.**
- **નવનિર્માણ આંદોલન વખતે મોંઘવારી માટે ભા.જ.પ. રાજય સરકાર જવાબદાર છે તેમ કહીને આંદોલન ચલાવેલુ અને હવે મોંઘવારી માટે કયા મોઢે કેન્દ્ર સરકારને દોષિત ગણે છે.**

ભારતના વડાપ્રધાનશ્રીએ મોંઘવારી અંગે ચિંતા સેવીને મુખ્યમંત્રીશ્રીઓની બેઠક યોજયા બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી અશોક ચૌહાણે મોંઘવારીના સમયમાં લોકોને ઓછી મુશ્કેલી પડે તે માટે વેટ(ટેક્ષ)ના દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ માત્ર રાજકીય નિવેદન કર્યુ. મહારાષ્ટ્રમાં વેટ(ટેક્ષ)ના દર ગુજરાતની સરખામણીમાં અત્યંત ઓછા હોવાછતાં મોંઘવારીના સમયમાં લોકોને મદદરુપ થવા મહારાષ્ટ્રની કોંગ્રેસની સરકારે ચિંતા કરી છે જયારે દેશમાં સૌથી વધારે વેટ(ટેક્ષ)ના દર ગુજરાતમાં છે અને તેમાં પણ બે વર્ષથી વેટના દર ઉપરાંત વધારાનો સરચાર્જ ૨૫% ટકા જેટલો નાખી દેવામાં આવેલો છે તેનાથી ગુજરાતની પ્રજાને મોંઘવારીનો કમરતોડ ભાવ વધારો ભોગવવો પડે છે. મહારાષ્ટ્રમાં મરચુ, ધાણાજીરુ તથા જીવન જરુરિયાતની રોજબરોજ ઉપયોગમાં લેવાતુ અનાજ,કઠોળ વિગેરે ચીજવસ્તુઓ ઉપર એક પણ પૈસાનો વેટ(ટેક્ષ) લેવામાં આવતો નથી જયારે ગુજરાતમાં મરચુ, ધાણાજીરુ ઉપર ૪%ટકાનો ટેક્ષ લેવામાં આવે છે અને છેલ્લા બે વર્ષથી આ ૪%નો વેટ ઉપરાંત ૨૫% વધારાનો સરચાર્જ લેવામાં આવે છે. મુંબઈમાં જુહુ સ્કીમ અત્યંત શ્રીમંત લોકો રહેતા વિસ્તારોમાં ચીજ વસ્તુઓના ભાવ શ્રી લક્ષ્મીચંદ ધનાજી એન્ડ કંપની, જુહુ ચર્ચ રોડ તથા શાહ જયંતિ ગોતર એન્ડ કંપની જુહુ મુંબઈ ખાતેથી ભાવ મેળવતા મુંબઈના અતિ શ્રીમંત વિસ્તારમાં બ્રાન્ડેડ ચાના ભાવ એક કિલોગ્રામના રુા.૨૨૦, ખાંડના એક કિલોગ્રામના રુા.૪૦, અડધ એક કિલોગ્રામના રુા.૮૪, મગ એક કિલોગ્રામના રુા.૮૮,ચણા એક

કિલોગ્રામના રુા.૪૦, ચોખા એક કિલોગ્રામના રુા.૧૮ થી ૬૫ સુધી કવોલીટી મુજબ જાણવા મળેલ છે. જયારે અમદાવાદના નારણપુરા, ઘાટલોડીયા જેવા વિસ્તારોમાં ભાવ ચકાસતાં આ ભાવમાં ચા–વાઘબકરીના એક કિલોગ્રામના રુા.૨૩૫, ખાંડ એક કિલોગ્રામના રુા.૪૫, અડદ–એક કિલોગ્રામના રુા.૯૨, મગ એક કિલોગ્રામના રુા.૯૫, ચોખા એક કિલોગ્રામના રુા.૨૨ થી ૮૦ આમ તમામ ચીજવસ્તુઓ મુંબઈના અતિ શ્રીમંત વિસ્તાર કરતાં અમદાવાદના ગરીબ વિસ્તારમાં મોંઘીદાટ છે તેનું કારણ ગુજરાત સરકાર દવારા ટેક્ષના નામે થઈ રહેલી બેફામ લૂંટ છે. ખેત પેદાશો ખેડૂતો પેદા કરતા હોય છે અને મહારાષ્ટ્રના ખેડૂતોને ખાસ પ્રકારની સહાય રાજય સરકાર આપે છે. ખેડૂતોના વપરાતા ક્રુડ અને ડિઝલમાં ગુજરાતની સરખામણીમાં મહારાષ્ટ્રમાં નહિંવત ટેક્ષમાંથી ખેડૂતોને ખેત પેદાશોની ઉત્પાદનની કિંમત ઓછી પડે છે અને તેથી મહારાષ્ટ્રની અંદર  જીવન જરુરિયાતની ચીજવસ્તુઓ સસ્તી મળે છે. મહારાષ્ટ્રમાં મરચુ–ધાણાજીરુ કે જે દરેક માણસ ભોજનના ઉપયોગમાં લેતો હોય છે. તેના પર કોઈપણ જાતનો ટેક્ષ નથી જયારે ગુજરાતમાં  મરચુ–ધાણાજીરુ, તેલ, હળદર વિગેરે ચીજવસ્તુઓ ઉપર ૪% ટકાનો ટેક્ષ અને ૨૫% ટકાનો વધારાનો સરચાર્જ લગાડવામાં આવે છે.

ગુજરાતમાં પેટ્રોલ ઉપર ૨૩% ટકા ટેક્ષ લેવામાં આવે છે. જો ગુજરાત સરકારનો ટેક્ષ નાબૂદ કરવામાં આવે તો પેટ્રોલ એક લીટરે ૧૨ રુપિયા સસ્તુ થઈ શકે તેમ છે. ડિઝલ ઉપર ૨૧% ટકા ટેક્ષ ગુજરાત સરકાર લે છે જો તે નાબૂદ કરવામાં આવે તો ડિઝલ ૧૦ રુપિયા સસ્તુ થઈ શકે તેમ છે. ઓઈલ ઉપર ૧૭% ટેક્ષ ગુજરાત સરકાર લે છે. દેશના કોઈપણ રાજય કરતાં ગુજરાતમાં આમ જનતા પાસેથી ખૂબજ વધારે ટેક્ષ લેવામાં આવે છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીની જેમ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પણ આમ જનતાને મોંઘવારીના મારથી બચાવવા માટે તાત્કાલિક અસરથી વેટ(ટેક્ષ)ના દરનો ઘટાડો કરે અને વેટ ઉપર લેવાનો સરચાર્જ તાત્કાલિક અસરથી નાબૂદ કરે તો ગુજરાતની પ્રજાને મોંઘવારીના મારમાંથી કાંઈક રાહત મળી શકશે.

ગુજરાતમાં મોંઘવારીના કારણે ભૂતકાળમાં નવનિર્માણની લડત થયેલી હતી ત્યારે કેન્દ્રની સરકારને મોંઘવારી માટે દોષિત ગણવાના બદલે ભાજપ દવારા મોંઘવારી માટે રાજયની જવાબદારી છે તેમ કહીને આંદોલન ચલાવેલુ હતું અને નવનિર્માણના કારણે રાજય સરકાર બરખાસ્ત થઈ હતી. આજે જયારે મોંઘવારીના કારણે લોકો દુઃખી થાય છે ત્યારે રાજય સરકાર કેમ પોતાની જવાબદારી સ્વીકારતી નથી?

મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ રેગ્યુલર લોન ભરતા ખેડૂતોને રુા.૨૦,૦૦૦/–(વીસ હજાર) વ્યાજ રાહત પેટે આપેલા છે જયારે ગુજરાત સરકારે રેગ્યુલર લોન ભરતા ખેડૂતો માટે એક ફૂટી કોડી પણ આપી નથી. સિંચાઈના પાણી માટેના દર મહારાષ્ટ્ર કરતાં અનેકગણો  વધારે ગુજરાત સરકાર લઈ રહી છે અને જયારે ખેત પેદાશો મોંઘી બની છે અને મોંઘવારીનો સોથી વધારે માર ગુજરાતની જનતાને પડી રહયો છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે.જે.રસાણીઆ)**
અંગત મદદનીશ